GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

# NEP ૨૦૨૦ના સંદર્ભમાં શાળા શિક્ષણની નીતિઓ અને યોજનાઓ

Jani Ashutosh H.

Ph.D. Research Scholar Department of Education, Gujarat University

Guide – Dr. Himanshu P. Sawant

**સારાંશ**

૨૧મી સદીની શિક્ષણ નીતિ એટલે કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ જે શ્રી કસ્તુરી રંગરાજન સમિતિની ભલામણોના આધારે તૈયાર કરવામાં આવેલ છે. દેશના વિદ્યાર્થીઓ સમયની માંગ અને જરૂરિયાત અનુસારે શિક્ષણ મેળવે તે જરૂરી છે. શિક્ષણને દરેક વિદ્યાર્થી સુધી લઇ જવા માટે નીતિ અને યોજનાનું અનુસરણ જરૂરી છે. તેના માટે નવી શિક્ષણ નીતિ અંતર્ગત શાળા શિક્ષણ એટલે કે આંગણવાડી થી ધોરણ ૧૨ સુધી જેમાં વિદ્યાર્થીને સંપૂર્ણ શિક્ષણ મેળવી યોગ્ય કારકિર્દી બનાવે તે લક્ષ્ય માટેની નીતિ અને યોજનાઓ આપેલ છે. શાળા શિક્ષણ માટેની આપેલ તમામ નીતિ અને યોજનાઓનું વિશ્લેષણ આ અભ્યાસમાં કરેલ છે.

**ચાવીરૂપ શબ્દો :** શાળા શિક્ષણ, નીતિ અને યોજનાઓ

**પ્રસ્તાવના**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ કલ્પના કરે છે એક ભારત કેન્દ્રિય શિક્ષણ વ્યવસ્થા જે પ્રત્યક્ષ રીતે આપણા દેશને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ આપીને કાયમી ધોરણે એક ન્યાયસંગત અને ગતિશીલ જ્ઞાન સમાજમાં પરિવર્તિત કરે. ભારત કે જે વિશ્વગુરૂ બનવા તરફ પ્રયાણ કરી રહ્યો છે તેમાં ૨૧ સદીની માંગ અનુસાર ઉચ્ચ ગુણવત્તા વાળું શિક્ષણ મળવું ખુબ જરૂરી છે જે અંતર્ગત આંગણવાડી થી ધોરણ ૧૨ સુધી કેટલીક નીતિ અને યોજનાઓની ભલામણ કરવામાં આવેલ છે. આ યોજનાઓ અંતર્ગત શાળા શિક્ષણના તમામ પાસાઓને આવરી લઇને છેવાડા સુધીના દરેક વિદ્યાર્થીના વ્યક્તિત્વને વિકસાવાનો કે જેમાં તર્ક, કરુણા, સાહસિકતા, વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મકતા, નૈતિકતા, વગેરે જેવા ગુણો હોય.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

**હેતુઓ**

**૧.** NEP ૨૦૨૦માં આપેલ શાળા શિક્ષણનું મહત્વ સમજવું.

**૨.** NEP ૨૦૨૦ના સંદર્ભે શાળા શિક્ષણની વિવિધ નીતિઓનું વિશ્લેષણ કરવું.

**3.** NEP ૨૦૨૦ના સંદર્ભે શાળા શિક્ષણની વિવિધ યોજનાઓનું વિશ્લેષણ કરવું.

**શાળા શિક્ષણનું મહત્વ**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત શાળા શિક્ષણને વિકાસશીલ ભારતના પાયારૂપ ગણીને તેમાં ભારતીય સંસ્કૃતિ અને તેના મૂલ્યો સાથે દરેક વિદ્યાર્થીને ગુણવત્તા યુક્ત શિક્ષણ આપવાની ભલામણ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને અભ્યાસના પાયાથી જ આપણા દેશના બંધારણમાં મુખ્ય ગુણ શીખે સાથો સાથ પોતાની ફરજ, જવાબદારી પ્રત્યે સભાન બને તેથી શાળા શિક્ષણમાં ઘણા ધરમૂળ ફેરફાર કરવામાં આવ્યા છે.

- **શાળા શિક્ષણનું નવું માળખું**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર વર્તમાનમાં ચાલતી ૧૦+૨ ના માળખાને ૫+૩+૩+૪ માં ફેરવાની ભલામણ કરવામાં આવી છે એટલે કે પ્રથમ ૫ વર્ષમાં ૩ થી ૬ વર્ષના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં આંગણવાડી – બાલવાટિકા – પૂર્વ પ્રાથમિક શાળા. ત્યાર બાદ ધોરણ ૧ અને ૨ માં ૬ થી ૮ વર્ષના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારબાદના ૩ વર્ષમાં પ્રારંભિક શિક્ષણ અંતર્ગત ધોરણ ૬ થી ૮ માં ૮ થી ૧૧ વર્ષના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. બીજા ૩ વર્ષમાં ઉચ્ચ પ્રાથમિકમાં ધોરણ ૬ થી ૮ માં ૧૧ થી ૧૪ વર્ષના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યારબાદ માધ્યમિક કક્ષાને સળંગ ૪ વર્ષ કરી ધોરણ ૯ થી ૧૨ માં ૧૪ થી ૧૮ વર્ષના બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **ECCE (પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ)**

□□□ ૨૦૨૦ અનુસાર બાળકનો ૬ વર્ષ સુધીમાં મગજનો ૮૫% વિકાસ થઇ જાય છે. વૃદ્ધિના આ વર્ષોમાં બાળકને ગુણવત્તા યુક્ત શિક્ષણ મળવું ખુબજ જરૂરી છે જેથી ECCE ને અધ્યયનના પાયા રૂપે

વિકસાવીને વર્ષ ૨૦૩૦ સુધી ભારતના દરેક બાળકને ગુણવત્તા યુક્ત શિક્ષણ મળી રહે તે જરૂરી છે. ધોરણ ૧ માં પ્રવેશ વખતે બાળક શિક્ષણ માટે સંપૂર્ણ સજ્જ હોય. આમાં પ્રવૃત્તિ અને રમતગમત દ્વારા જ્ઞાન, ઉખાણાં, મૂળાક્ષર, ગણતરી, ભાષા, સંગીત વગેરેનું જ્ઞાન અને શારીરિક, સામાજિક અને બોધાત્મક વિકાસ પર ધ્યાન આપવામાં આવશે. National Curriculum and Pedagogical Framework for Early Childhood Care and Education **(NCPFECCE)** તૈયાર કરવામાં આવશે. આંગણવાડી, પૂર્વ પ્રાથમિક/પ્રાથમિક સંકુલો, બાલમંદિરોમાં તાલીમ પામેલ શિક્ષકોની ભરતી કરાશે. ૫ થી ઓછા વર્ષ વાળા બાળકો બાલવાટિકામાં પ્રવેશ આપવામાં આવશે. ECCE નો અભ્યાસક્રમ અને શિક્ષણ વ્યવસ્થાની જવાબદારી MHRD રેહશે.

➢ **શિક્ષણનો પાયો**

NEP ૨૦૨૦ અનુસાર ૫ કરોડ થી વધુ બાળકો વાંચન, લેખન, ગણન કરી શકતા નથી. મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પણ ધરાવતા નથી. ૨૦૨૫ સુધીમાં દરેક બાળક આ મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન મેળવે તે સર્વોચ્ચ પ્રાથમિકતા રેહશે. MHRD દ્વારા National Mission on Foundational Literacy and Numeracy **(NMFLN)** અંતર્ગત નવા લક્ષ્ય નિર્ધારિત કરીને મૂળભૂત સાક્ષરતા પ્રાપ્ત કરાવવામાં આવશે. વિદ્યાર્થી ગુણોત્તર ૩૦:૧ કરવામાં આવશે. અધ્યયન લક્ષી નવી મૂલ્યાંકન પ્રણાલી ઉભી કરવામાં આવશે. DIKSHA જેવા ઉચ્ચ ગુણવત્તા વાળા ડીજીટલ પ્લેટફોર્મ NMFLN વિષે જ્ઞાન આપવામાં આવશે.

➢ **શિક્ષણનું સાર્વત્રીકરણ**

શિક્ષણનું સાર્વત્રીકરણ એટલે કે દેશના દરેક બાળક સુધી શિક્ષણને પહોચાડવું જો બાળક નિયમિત શાળામાં ન આવે તો આ લક્ષ્ય શક્ય નથી. National Sample Survey Office (**NSSO**) દ્વારા ૨૦૧૭–૧૮ ના સર્વે મુજબ ૬ થી ૧૭ વર્ષના શાળા છોડી દીધેલની સંખ્યા ૩.૨૨ કરોડ છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૦% કુલ નોંધણી ગુણોત્તર પ્રાપ્ત કરવાનો લક્ષ્ય છે. આ માટે શાળામાં અભ્યાસ અને માળખાગત સુવિધાઓ પુરી પાડવામાં આવશે. ધોરણ ૧ થી ૧૨ સુધીના દરેક બાળકની નિયમિત દેખરેખ રાખવામાં

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

આવશે. જેમા શિક્ષકો અને સલાહકારોની મદદ લેવામાં આવશે. પછાત અને વધુ ડ્રોપઆઉટ રેશીઓ વાળા વિસ્તાર છે તેના માટે વિશેષ યોજના તૈયાર કરીને દરેક બાળકને મોનીટર કરવામાં આવશે. સાર્વત્રીકરણમાં સાક્ષર સ્વયંસેવકો, સેવાનિવૃત વૈજ્ઞાનિકો, સરકારી કર્મચારી અને શિક્ષકોની મદદ લેવાશે અને તેમનો વિસ્તૃત ડેટા તૈયાર કરવામાં આવશે.

➢ **અભ્યાસક્રમ અને સર્વાંગી વિકાસ**

**ECCE** ને અનુરૂપ બહુસ્તરીય, રમતગમત, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ પરિવર્તનક્ષમ અભ્યાસક્રમ પૂર્વ પ્રાથમિકમાં ચાલુ વર્ષના અભ્યાસક્રમ સાથે ઔપચારિક શિક્ષણ થી પરિચિત કરાવવા હળવા વિષયવસ્તુ વાળા પાઠ્યપુસ્તક દ્વારા શીખવવામાં આવશે. પ્રાથમિક કક્ષાએ અમૂર્ત ખ્યાલો શીખવવામાં આવશે. ઉચ્ચ પ્રાથમિક કક્ષાએ દરેક વિષયને ઊંડાણ પૂર્વક, વિવેચનાત્મક અને જીવન સાથે અનુસંધાન સાધીને શીખવવામાં આવશે. માધ્યમિક કક્ષાએ બહુવિદ્યાશાખાકીય અભ્યાસ પર ભાર મુકવામાં આવશે. શિક્ષણથી બાળકોમાં ગોખણપટ્ટી દુર કરીને બોધાત્મક વિકાસ, ચરિત્ર નિર્માણ અને સાથે ૨૧મી સદીના દરેક જરૂરી કૌશલ્ય વાળા વ્યક્તિનું નિર્માણ કરવાનો છે. સર્વાંગી વિકાસના દરેક પાસાની યાદી બનાવીને તેના અનુરૂપ અભ્યાસક્રમ તૈયાર કરાશે.

➢ **રાષ્ટ્રીય અભ્યાસક્રમ અને તેનું માળખું (NCFSE)**

NCERT દ્વારા શાળા શિક્ષણ માટે નવા અને વ્યાપક National Curriculum Framework for School Education **(NCFSE)** રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાની રચના કરવામાં આવશે. સાથોસાથ બધી જ પ્રાદેશિક ભાષામાં ઉપલબ્ધ કરવામાં આવશે. ૫ થી ૧૦ વર્ષમાં તેને ફરી ધ્યાને લઈને થોડા સુધારા પણ હાથ ધરાશે. શાળામાં પાઠ્યપુસ્તકો પર અભ્યાસક્રમમાં સંરચનાત્મક અધ્યયન, ચર્ચા અને વિશ્લેષણ જેવી બાબતો મુખ્ય ધારામાં લાવવામાં આવશે. પૈસાનું ભારણ ઘટાડીને વિદ્યાર્થીઓ માટે ગુણવત્તા યુક્ત પુસ્તકો બનાવાશે.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

➢ **મૂલ્યાંકન પદ્ધતિ**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મુખ્ય ઉદેશ્ય મુજબ ગોખવાની શક્તિ પર આધારિતના સ્થાને સતત અને સર્વાંગી મૂલ્યાંકન પદ્ધતિ અપનાવાશે જે બાળકનું અધ્યન કેન્દ્રી અને સર્વાંગી મૂલ્યાંકન કરશે. જ્ઞાનનો વાસ્તવિક જીવનમાં ઉપયોગ, સર્જનાત્મકતા, વિવેચનાત્મક વિચાર વગેરે પાસા પર મૂલ્યાંકન કરવામાં આવશે. MHRD દ્વારા એક રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર **PARAKH** (Performance Assessment, Review, and Analysis of Knowledge for Holistic Development) વિકસાવામાં આવશે.

➢ **શિક્ષક અને પ્રશિક્ષણ**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિને સફળ બનાવવાનું મુખ્ય કામ શિક્ષક પર આધારિત છે કે જેઓ રાષ્ટ્રનું નિર્માણ કરે છે. ઉત્કૃષ્ઠ વિદ્યાર્થીઓ જ શિક્ષણમાં પ્રવેશ મેળવે તે માટે B.ed ને ૨૦૩૦ સુધીમાં ૪ વર્ષનું કરવામાં આવશે. TET/TAT જેવી પરીક્ષાના ગુણોના આધારે શિક્ષકની ભરતી કરવામાં આવશે. શાળામાં મુખ્ય વિષયોની સાથે કલા, ઉદ્યોગ, કૃષિ, જેવા અન્ય જીવનજરૂરી વિષયો નિષ્ણાંતની ભરતી કરવામાં આવશે. અધ્યાપન કાર્ય માટે શાળામાં ચોક્કસ વાતાવરણ ઉભું કરવામાં આવશે. સતત વ્યવસાયિક વિકાસ માટેની તક આપવામાં આવશે. દરેક શિક્ષકને પ્રશિક્ષણ માટેની ચોક્કસ સેવાકાલીન તાલીમ આપવામાં આવશે.

➢ **સમાવેશી શિક્ષણ**

દરેક ક્ષેત્રે સમાનતા લાવવા માટે શિક્ષણ એક મુખ્ય માધ્યમ બની રહે છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સમાવેશક શિક્ષણની વાત કરવામાં આવી છે એટલે કે કોઈપણ બાળકને શિક્ષણ થી તેના સમાજ, જાતિ, ભાષા, રંગ, આર્થિક સ્થિતીના આધારે વંચિત રાખવામાં ન આવે. સમાવેશી શિક્ષણમાં વિશેષ જરૂરિયાત વાળા, દિવ્યાંગ માટે અલગ યોજનાને સ્થાન આપવામાં આવ્યું છે. ભવિષ્યમાં સમાવેશી શિક્ષણ માટે ચોક્કસ સંશોધનન કરવામાં આવશે. SEDGs (Socio-Economically Disadvantaged Groups) સામાજિક – આર્થિક રીતે વંચિત વર્ગમાં શાળા છોડવાનો રેશીઓ વધુ જોવા મળે છે. પ્રાથમિકમાં ૧૯.૬%, માધ્યમિકમાં ૧૭.૩% જે ખુબ ગંભીર બાબત છે. આવા દરેક વર્ગના બાળકોને શિક્ષણમાં

લાવવા માટે શિષ્યવૃતિ, સાયકલ પરિવહન, શરતી રોકડ, પરિવહન જેવી સફળ યોજનાઓને દેશ ભરમાં લાગુ કરીને ખરાઅર્થમાં દરેક બાળકનું શિક્ષણમાં સમાવેશન થાય તે જરૂરી છે.

**શાળા શિક્ષણની નીતિઓ અને યોજનાઓ**

- **પૂર્વ પ્રાથમિક થી ધોરણ ૧૨ સુધી સાર્વત્રિક પ્રવેશ સુનિશ્ચિત કરવો**

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસારે ૧૦૦% સંપૂર્ણ નામાંકનનો ધ્યેય ૨૦૩૦ સુધીમાં પૂર્ણ કરવાનો છે. હાલમાં સમગ્ર શિક્ષા અભિયાન **(SSA)** અને શિક્ષણ અધિકાર અધિનિયમ **(RTI)** થકી પ્રાથમિક કક્ષાએ સાર્વત્રીકરણમાં સિદ્ધિ જોવા મળે છે. વર્ષ ૨૦૨૧-૨૨ માં પ્રાથમિકમાં ૯૨.૪%, માધ્યમિકમાં ૭૫.૨%, ઉચ્ચતર માધ્યામિકમાં ૪૮.૨% છે. ડ્રોપ ઓઉટને પાછા લાવવા અને નવા બાળકોને શાળા છોડતા અટકાવવા માટે બે અભિયાન હાથ ધરાશે પ્રથમ અસરકારક અને માળખાકીય સુવિધાઓ પૂરી પાડવી જેથી શાળાના તમામ સ્તરે સલામત અને અસરકારક શિક્ષણ મેળવી શકે. બીજા અભિયાનમાં વિદ્યાર્થીની શાળામાં જીણવટ અને ચોક્કસ દેખરેખ રાખીને શાળામાં સાર્વત્રીકરણ સિદ્ધ કરવું. ડ્રોપ આઉટ વિદ્યાર્થી ભણવામાં પાછળ ન રહી જાયે તે માટે ઉચ્ચ ગુણવત્તા યુક્ત શિક્ષણ માટેની યોગ્ય સહાય રૂપ પ્રણાલી ઉભી કરવામાં આવશે. શાળા કે શિક્ષકો સાથે જોડાયેલ વિષય નિષ્ણાંત, શિક્ષિત સામાજિક કાર્યકરો, વાલીઓ, જાગૃત નાગરિકો, સરકારની આવતી અને ચાલી રહેલ યોજનાઓમાં શાળા સાથે જોડાય શકે છે. ડ્રોપ આઉટ વિદ્યાર્થીઓ માટે શિક્ષણમાં ઔપચારિક અને બિનઔપચારિક બહુમાર્ગીય અધ્યયન પ્રણાલી ઉપયોગમાં લાવાશે. શાળા અભ્યાસક્રમને નેશનલ ઓપન સ્કુલ **(NOS)** સમાન બનાવાશે.

- **પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ (ECCE)**

બાળક ૬ વર્ષનું થાય ત્યાં સુધીમાં તેના મગજનો ૮૫% વિકાસ થઇ જાય છે અને શારીરિક વિકાસના શરૂઆતના ૬ વર્ષ મહત્વના માનવામાં આવે છે. જેથી પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણમાં દરેક બાળકને ગુણવત્તા યુક્ત શિક્ષણ મળી રહે તે જરૂરી છે અને ૨૦૩૦ સુધીમાં દરેક બાળકને શિક્ષણ મળી રહે જેથી ધોરણ ૧ માં પ્રવેશ વખતે બાળક સંપૂર્ણ અભ્યાસ માટે તૈયાર થઇ જાય. શિક્ષણમાં લવચિકતા, રમતગમત, શોધ, પ્રવૃત્તિ આધારિત અધ્યયન કરાવવામાં આવશે. જેમાં ઉખાણા, સમસ્યા ઉકેલ,

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

ચિત્રકામ, નાટક, સંગીત જેવી અન્ય પ્રવૃત્તિનો સમાવેશ થશે. જેના દ્વારા શારીરિક, માનસિક, નૈતિક, બોધાત્મક વિકાસ થશે. NCERT દ્વારા નવું પેડાગોજી ફ્રેમવર્ક (NCPFECCE) વર્ષ ૩ થી ૮ વર્ષના બાળકો માટે તૈયાર કરવામાં આવશે. સફળતા પૂર્વક ચાલી રહેલ આંગણવાડી, પ્રાથમિક શાળા, બાલમંદિરમાં ખાસ શિક્ષકોની ભરતી કરાશે. આ શિક્ષકોને નવા પેડાગોજી ફ્રેમવર્કની તાલીમ આપવામાં આવશે. પૂર્વ પ્રાથમિક થી પ્રાથમિક સુધી સુત્રતા જાળવી શિક્ષણની મૂળ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય માટે MHRD ને ECCEની વ્યવસ્થાની જવાબદારી રેહશે. સાથે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, આરોગ્ય મંત્રાલય, આદિજાતિ મંત્રાલય સંયુક્ત રીતે કાર્ય કરશે. સતત માર્ગદર્શન મળી રહે માટે એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવશે.

- **અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર**

નવી શિક્ષણ નીતિ અનુસારે હવે ૫ + ૩ + ૩ + ૪ નવું માળખું પ્રસ્થાપિત કરવામાં આવશે. પ્રથમ સોપાન એટલે કે પૂર્વ પ્રાથમિકમાં ૩ વર્ષ આંગણવાડી અને ૨ વર્ષ પ્રાથમિક શાળા જેમાં ૩ થી ૮ વર્ષના બાળકોનો સમાવેશ થાય છે. બીજા સોપાનમાં ધોરણ ૩ થી ૫ માં ૮ થી ૧૦ વર્ષના વિદ્યાર્થીઓનો સમાવેશ થશે. તૃતીય સોપાનમાં ઉચ્ચ પ્રાથમિક ધોરણ ૬ થી ૮ આવરી લે છે જેમાં ૧૧ થી ૧૪ વર્ષના વિદ્યાર્થીનો સમાવેશ થશે. માધ્યમિક કક્ષા જેમાં સળંગ ધોરણ  ૯ થી ૧૨ માં ૧૪ થી ૧૮ વયજૂથના વિદ્યાર્થીનો સમાવેશ થશે. પ્રથમ ૪ વર્ષમાં પરિવર્તનક્ષમ, પ્રવૃત્તિ આધારિત શિક્ષણ અને ECCE ને અનુરૂપ અધ્યાપન પદ્ધતિ હશે. પ્રાથમિક કક્ષાનાં પ્રથમ ૩ વર્ષમાં રમત, પ્રવૃત્તિ, હળવા પાઠ્યપુસ્તક, વાંચન/લેખન/ગણનના કૌશલ્યો પર શિક્ષણ કાર્ય કરવામાં આવશે. ઉચ્ચ પ્રાથમિકમાં દરેક વિષયમાં અમૂર્ત ખ્યાલ શીખવવા અને ચર્ચા દ્વારા શિક્ષણ માટે વિષય નિષ્ણાંત શિક્ષકોની ભરતી કરાશે. માધ્યમિક કક્ષામાં દરેક વિષયમાં ઊંડાણ પૂર્વક વિવેચનાત્મક અને વિશ્લેષણાત્મક અધ્યાપન કાર્ય કરાશે.

- **અનુભવ આધારિત શિક્ષણ અને સર્વાંગી વિકાસ**

વિદ્યાર્થીને માત્ર પુસ્તકિયું જ્ઞાન ન આપતા ક્રિયામુલક શિક્ષણ સાથે શિક્ષણની અન્ય પદ્ધતિઓ અને વિષયને જીવન સાથે અનુબંધ બાંધીને અનુભવ આધારિત શિક્ષણની ભલામણ નવી રાષ્ટ્રીય શિક્ષણ

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

નીતિમાં કરવામાં આવેલ છે. અધ્યાપન કાર્યના આયોજનમાં જ કલા દ્વારા શિક્ષણનો અભિગમ અપનાવવો જોઈએ. વર્ગખંડમાં થતાં રોજબરોજના વ્યવહારમાં સ્વ–પહેલ, સ્વ–શિસ્ત, જવાબદારી જેવા કૌશલ્યો કેળવે તે જરૂરી છે. "પેહલું સુખ તે જાતે નર્યા" શરીર સક્ષમ અને નીરોગ રાખવું તેની જવાબદારી શીખે જે FIT INDIA MOVEMENT પણ સફળ બનાવશે. NCERT સર્વાંગી વિકાસની બાબતમાં શાળાના દરેક માળખા દીઠ જીવન જરૂરી કૌશલ્યોની યાદી તૈયાર કરવામાં આવેલ છે જેને પ્રાથમિક થી માધ્યમિક સુધી વિષય સાથે સાંકળી લઇને અધ્યાપન કાર્ય કરાવાશે. વિશ્લેષણ, ચર્ચા, અન્વેષણ, પ્રશ્ન, વિવેચનાત્મક જેવી અધ્યાપન પદ્ધતિને આધારે ભણાવાશે જેના માટે અભ્યાસક્રમને ઘટાડીને માત્ર ચાવી રૂપ બાબતોને ધ્યાને લેવાશે.

- **બહુભાષાવાદ અને માતૃભાષા**

સંશોધન સ્પષ્ટપણે દર્શાવે છે કે બાળક ૨ થી ૮ વર્ષની ઉંમરમાં ઝડપથી ભાષા શીખી લે છે. પણ બાળક મૂર્ત કે અમૂર્ત વિચારો અન્ય ભાષા કરતાં માતૃભાષામાં વધુ ઝડપથી શીખે છે. નવી શિક્ષણ નીતિ અનુસારે ઓછામાં ઓછુ ધોરણ ૪ સુધી અને વધુમાં વધુ ધોરણ ૮ સુધીનું શિક્ષણ માતૃભાષામાં આપવું ફરજીયાત છે. દરેક વિષયના પાઠ્યપુસ્તક માતૃભાષામાં લખવામાં આવશે. વર્ગવ્યવહારને માતૃભાષામાં કરવા અપીલ કરાશે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે ભાષાને લાગતું અંતર દુર કરાશે. શિક્ષકને બહુભાષાના ઉપયોગની તાલીમ અપાશે. જ્યાં માતૃભાષામાં શિક્ષણ કાર્ય શક્ય નથી ત્યાં દ્વિભાષા માટેનો અભિગમ અને સામગ્રી અપનાવાશે. બહુભાષાના કારણે બાળકનો બોધાત્મક વિકાસ ખુબજ સારો થાય છે. જેથી પૂર્વપ્રાથમિક થી જ માતૃભાષા સાથે અન્ય ભાષા શીખવવામાં આવશે. શરૂઆતમાં સંવાદ દ્વારા ત્યાર બાદ ધોરણ ૩ થી વાંચન/લેખન થી ભાષા કૌશલ્યો શીખવવામાં આવશે. સંવિધાનની ૮મી સૂચીમાં આપેલ તમામ ભાષાના શિક્ષકોની ભરતી કરાશે. બહુભાષિય રાષ્ટ્રીય એકસુત્રતા જાળવી રાખવા રાજ્યોને ત્રિભાષા સૂત્રનો અમલ ચાલુ રાખવા જાણવાશે. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' અંતર્ગત ભારતીય ભાષાઓના ફન પ્રોજેક્ટ/પ્રવૃતિમાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. જ્યાં ભારતની અન્ય ભાષાને મૂળાક્ષરો થી વ્યાકરણ સુધીની સમજ કેળવશે. ત્રિભાષા સૂત્રમાં સંસ્કૃતને સ્થાન આપવામાં આવશે જેથી વિદ્યાર્થી આપણી

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

ભારતીય સંસ્કૃતિ, સાહિત્યથી પરિચિત થાય. ધોરણ ૬ થી ૧૨ માં વિદ્યાર્થીઓ શાસ્ત્રીય ભાષાનો અભ્યાસ કે સાહિત્ય શીખવામાં ૨ વર્ષનો સમય ગાળો હશે અને વધુ શીખવા માટે અભ્યાસ ચાલુ પણ રાખી શકે છે. વિશ્વની અન્ય ભાષાઓ જેમકે જર્મન, રશિયન, ફ્રેંચ, થાઈ વગેરે શીખવા માટે પણ માધ્યમિક કક્ષાએ વિકલ્પ અપાશે. રોજબરોજના જીવનના અનુભવમાં લાવવા ભાષાની એપ્લીકેશન બનાવીને અધ્યાપનને શાળા સિવાયના સમયમાં પણ અસરકારક રીતે શીખવી શકાશે. સાંભળવાની ખામી વાળા વિદ્યાર્થીઓ માટે સાંકેતિક ભાષાની પ્રમાણિત કરેલ આવૃત્તિ તૈયાર કરાશે.

- **સમાન અને સમાવિષ્ટ શિક્ષણ**

દરેક ભારતીયને શિક્ષણ મેળવવું તે તેનો મૂળભૂત અધિકાર છે. જેથી દરેકને શિક્ષણ માટેનો સમાન અધિકાર મુજબ શિક્ષણ મળવું જોઈએ. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શિક્ષણના દરેક સ્તરે નામાંકન એકસુત્રતામાં જાળવી રાખવામાં ગુણવત્તા યુક્ત શાળાની અછત, ગરીબી, સામજિક રીતિરીવાજ, પ્રથાઓ, ભાષા વગેરેનો ઉચ્ચો પ્રભાવ જોવા મળે છે. લઘુમતી સમુદાય અને વિશેષ જરૂરિયાત વાળા બાળકોને સમાન અવસર અને ગુણવત્તા યુક્ત શિક્ષણ પૂરી પાડવા સક્ષમ પદ્ધતિ રચના કરવાની ભલામણ કરવામાં આવી છે. બાળકને શિષ્યવૃતિ, માતાપિતાને પ્રોત્સાહન, શરતી રોકડ પરિવહન, સાયકલ યોજના વગેરે લાગુ કરીને નામાંકનની ભાગીદારીમાં ચોક્કસ વધારો જોવા મળેલ છે. અલ્પવિકસિત વિસ્તારોને વિશેષ શૈક્ષણિક ઝોન જાહેર કરવા જેથી શિક્ષણની દરેક યોજના મહતમ અમલમાં મુકી શકાય. દરેક કન્યાઓ અને ટ્રાન્સજેન્ડર માટે “જાતીયતા સમાવેશન ભંડોળ” ની રચના કરાશે. જેથી વિદ્યાર્થીઓને સીધો લાભ મળી શકે. દિવ્યાંગ બાળકોને Rights of Persons with Disabilities **(RPWD)** ૨૦૧૬ એક્ટ થકી વિશેષ શાળાનો વિકલ્પ આપવામાં આવશે. સમાનતા અને શિક્ષણ માટે આ બધી નીતિઓ અને યોજનાઓ પૂરતી નથી તેના માટે હાલની શાળાની પરંપરામાં પરિવર્તન લાવવું જરૂરી છે. વિદ્યાર્થીથી લઇ શિક્ષણના ઉચ્ચ અધિકારી સુધી દરેક વ્યક્તિએ બધા વિદ્યાર્થી સાથે સંવેદનશીલ,સમભાવ, સહાનુભૂતિ, સહિષ્ણુતા,માનવાધિકાર જેવા ગુણ વિકસાવવા જરૂરી છે.

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

➢ **શિક્ષક અને પ્રશિક્ષણનો અભિગમ**

નવી રાષ્ટ્રીય નીતિને સાચા અર્થમાં જો કોઈ સફળતા પૂર્વક લાગુ કરી શકે તો તે શિક્ષક જ છે. શિક્ષક બાળકના ભવિષ્ય અને રાષ્ટ્ર બનેનું નિર્માણ કરે છે જેથી ભારતીય સમાજમાં તેનું આગવું સ્થાન છે. ઉત્કૃષ્ટ વ્યક્તિ આ પથ પર આગળ વધે તે માટે વર્ષ ૨૦૩૦ સુધીમાં B.ed. ને ૨ વર્ષ માંથી ૪ વર્ષનું કરવામાં આવશે. જેમાં સંશોધનને સ્થાન આપવામાં આવશે. શિક્ષક બનવાની મુખ્ય પરીક્ષા TET/TAT ની પ્રણાલીને વધુ સક્ષમ બનાવાશે. જેમાં ૩ સ્તરે ચકાસણી કરીને શિક્ષકની પસંદગી કરાશે. કળા, શારીરિક શિક્ષણ, વ્યવસાયિક શિક્ષણના શિક્ષકોની ભરતી કરાશે. સ્થાનિક જ્ઞાતા અથવા તજજ્ઞોને શાળામાં બોલાવીને વિશેષ શિક્ષણ માટે શાળાને પ્રોત્સાહિત કરવામાં આવશે. શાળામાં કાર્યનું પર્યાવરણ અને મુખ્ય ઉદેશ્ય એક જ રેહશે કે દરેક બાળક શીખી રહ્યું છે. નાની શાળા કે સંકુલના શિક્ષકો એકલા અટુલા નહિ રહીને મોટી શાળા કે સંકુલ સાથે જોડાઈને સહયોગની ભાવનાથી કાર્ય કરશે. આથી જીવંત અને જ્ઞાન આધારિત શિક્ષકનું નિર્માણ થશે. બિનશૈક્ષણિક કાર્યનું ભારણ હવે શિક્ષકોને આપવામાં આવશે નહિ જેથી અધ્યાપન કાર્યમાં સંપૂર્ણ ધ્યાન આપી શકે. સ્વવિકાસ માટે સતત તક આપવામાં આવશે જેના માટે એક પ્લેટફોર્મ બનાવામાં આવશે જેમાં દરેક શિક્ષક પોતના વિચાર રજુ કરવાનો તક મળશે. વાર્ષિક ૫૦ કલાક Continuous professional development **(CPD)** તાલીમ આપવામાં આવશે. National professional standards for teachers **(NPST)** ની રચના કરવામાં આવશે જે શિક્ષકો માટે મૂલ્યાંકનના ચોક્કસ ધોરણ નક્કી કરશે જે પૂર્વ પ્રશિક્ષણની માળખાની પણ જાણકારી આપશે.

➢ **મૂલ્યાંકન**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસારે બાળકનું મૂલ્યાંકન ગોખવાની પદ્ધતિના આધારે નહિ પણ અધ્યયન કેન્દ્રી અને ક્ષમતા આધારિત થવું જોઈએ. બોધાત્મક, પૃથક્કરણ, વિવેચનાત્મક ચિંતન વગેરે જેવા મૂલ્યો આધારિત મૂલ્યાંકન શિક્ષણ પ્રણાલીનો સાચો હેતુ છે. શાળાના પ્રગતિ પત્રકને NCERT/SCERT ના માર્ગદર્શનમાં બનાવાશે. આમાં ૩૬૦ ડિગ્રી પરિણામ સાથે જ્ઞાનાત્મક, ભાવાત્મક, અને મનોક્રિયાત્મક વર્ણન જોવા મળશે. આ સમગ્રદર્શી કાર્ડ વિદ્યાર્થી, વાલી અને શિક્ષકને જોડતી કડી બનશે. વધુ

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

લવચિકતા, વિદ્યાર્થીને પસંદગીની તક અને પરીક્ષામાં તેનું પ્રદર્શનના આધારે મૂલ્યાંકન કરાશે. વિદ્યાર્થીની સળંગ પ્રગતિના દેખરેખ માટે ધોરણ ૩/૫/૮માં શાળામાં યોગ્ય ઓથોરીટી (NAS) દ્વારા પરીક્ષા લેવાશે. MHRD દ્વારા એક રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર Performance Assessment, Review, and Analysis of Knowledge for Holistic Development **(PARAKH)** બનાવવામાં આવશે. જે મૂલ્યાંકન માટેના માપદંડ સ્થાપિત કરશે અને દેશમાં મૂલ્યાંકન માટેની કામગીરી માટે જવાબદાર સંસ્થા હશે. સાથોસાથ નેશનલ અચિવમેન્ટ સર્વે(NAS) અને સ્ટેટ અચિવમેન્ટ સર્વે (SAS)નું માર્ગદર્શન પણ કરશે.

- **શાળાકીય માંનાક અને ગુણવત્તા અંગેના ધોરણો**

વર્તમાન શાળાની પ્રણાલી સાર્વજનિક ધારાધોરણો અને શૈક્ષણિક સંસ્થાની નીતિઓનું નિર્માણ એક જ સ્થાને એટલે કે શિક્ષણ વિભાગ દ્વારા કરાય છે. જેના લીધે સશક્ત કેન્દ્રીકરણ અને હિતો વચ્ચે ટકરાવ જોવા મળે છે. અને શાળા પ્રણાલીના બિનઅસરકારક અને ખામીયુક્ત વ્યવસ્થાપન જોવા મળે છે. સાર્વજનિક અને ખાનગી શાળાના નિયમો વચ્ચે વધુ વિષમતા રહેલી છે જ્યારે બંને શાળાનું લક્ષ્ય ગુણવત્તા પૂર્ણ શિક્ષણ પ્રદાન કરવાનું છે. દરેક શૈક્ષણિક સંસ્થા કે શાળા માટે ગુણવત્તાના નવા માંનાક કે પ્રણાલી માટે રાજ્ય/કેન્દ્રશાસિત "State School Standards Authority" **(SSSA)** નામની એક સ્વતંત્ર રાજ્યવ્યાપી સંસ્થાની સ્થાપના કરશે. SCERT આ સંસ્થા સાથે રહીને કાર્ય કરશે. SCERT બધા હિતધારકો સાથે ચર્ચા કરીને એક SCHOOL QUALITY ASSESSMENT AND ACCREDITATION FRAMEWORK **(SQAAS)** તૈયાર કરશે જે CRC/BRC/DITE જેવી સંસ્થાને પુનર્જીવિત કરવા માટે ત્રણ વર્ષની અંદર કાર્ય પૂર્ણ કરશે. શાળા, સંસ્થા, અધિકારીઓ, સમુદાય, આચાર્ય, શિક્ષકો વગેરેને સશક્ત બનાવા, સંસાધનોથી પરિપૂર્ણ બનાવાનું કાર્ય કરશે.સાર્વજનિક અને ખાનગી શાળાઓનું મૂલ્યાંકન અને પ્રમાણીકરણ માપદંડ, બેંચમાર્ક અને પ્રક્રિયાઓના આધાર પર કરવામાં આવશે. શાળા શિક્ષણની પ્રણાલીની સમયાંતરે તપાસ માટે **NAS** એક અધ્યયનના સ્તરે નમુના આધારિત પરીક્ષા અને મૂલ્યાંકનમાં સરકારી સાથે ખાનગી શાળાઓને પણ શામેલ કરાશે.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

## નિષ્કર્ષ

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં શાળા શિક્ષણનું મહત્વ ખુબ જ ઉચું આકવામાં આવ્યું છે. જો વિદ્યાર્થી સુધી આ યોજનાઓ દ્વારા શિક્ષણ મેળવે તો ચોક્કસથી ભારત માટે એક પરિવર્તનકારી દિશા બની શકે એમ છે. આંગણવાડી થી ધોરણ ૧૨ સુધી બધા જ પાસાને ધ્યાનમાં રાખીને નીતિ અને યોજનાઓ બનાવામાં આવેલ છે. શાળા શિક્ષણમાં શાળાને અદ્યતન માળખા અને સુવિધાઓથી સજ્જ રાખવી તે જરૂરી બાબત છે. ડ્રોપ આઉટ રેશીઓ ઘટાડી અને હજી વધુ ટેક્નોલોજીનો ઉપયોગ વધુ કરીને સરળતા થી ગુણવત્તાના લક્ષ્યોને હાસંલ કરી શકાય એમ છે. શિક્ષણને બાળકો સુધી સરળતા થી લઇ જવા માટે વધુમાં વધુ ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાય એમ છે. વિદ્યાર્થી,વાલી, આચાર્ય, શિક્ષક દરેકને નીતિ અને યોજનાને લાગુ કરવા માટે માર્ગદર્શન આપતી પુસ્તિકાની રચના કરીને ઘણા પ્રશ્નોનું સરળતાથી નિરાકરણ લાવી શકાય એમ છે. નીતિ અને યોજનાને વિદ્યાર્થી સુધી લઇ જનાર શિક્ષકને અસરકારક તાલીમ આપવી, ચોક્કસ પાસાઓ ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીનું સર્વાંગી મૂલ્યાંકન, ટેકનોલોજી સક્ષમ શિક્ષણ, કારકિર્દી માટેના અસરકારક પગલા, વગરે બાબતોને સફળતા પૂર્વક લાગુ કરવા બહુપક્ષીય અભિગમની જરૂર પડશે. NEP ૨૦૨૦ ની નીતિ અને યોજનાને સફળ બનાવવા નીતિ નિર્માતા, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વહીવટીકર્તા, વાલી, સમુદાય, શાળાનો સહયોગ જરૂરી બની રેહશે.

## સંદર્ભસૂચિ

1. Dr. Arjun Dhondiram Pithe (2024) STUDY OF NEP 2020 IN RELATION TO TEACHER EDUCATION: journal of the oriental institute M.S University of Baroda Vol. 73, Issue 4, Oct-Dec 2024
2. Sk Mujibur Rahaman, Nilay Mondal & Dr. K.N. Chattopadhyay (2024) A Comprehensive overview of Early Childhood care and Education : Policies and schemes. RESEARCH REVIEW International Journal of Multidisciplinary 9 (2) 1-9
3. Suman Basu and Rajib Santra (2023) On the basis of NEP 2020: Quality and excellences of early childhood care and education : International Journal of Applied Research 2023; 9 (10) : 10-13

GYANBODH

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
July- August: 2025

4. Surender Reddy Kalakoti (2022) ROLE OF PRIMARY EDUCATION IN NATION BUILDING - SPECIAL REFERENCE TO NEP OF 2020 : International Journal of Multidisciplinary of Educational research Vol.11 Isuue 1(6)
5. Soma Sardar & Arjun Chandra Das (2024) New Dimension in Evaluation System in Secondary Level: NEP 2020 : Asian Journal of Education and Social Studies Volume 50, Issue 4, Page 91-96
6. https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/NEP/2020/GUJARATI.pdf
7. Shukla S. S. (2020) Introduction and Research Methodology (2ed ed). Rishit Publications.